# <u>આણંદ કૃષિ યુનિવર્સિટીનો ૧૪મો આંતર પોલિટેકનિક રમતોત્સવ સફળતાપૂર્વક સંપન્ન</u>

**આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે તાજેતરમાં ૧૪મો આંતર પોલિટેકનિક રમતોત્સવ**નું આયોજન **કૃષિ પોલિટેકનિક, વસો** દ્વારા ભવ્ય અને સુવ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું હતું. સમગ્ર રમતોત્સવનું આયોજન આણંદ કૃષિ યુનિવર્સિટીના **માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના** માર્ગદર્શન અને કુશળ નેતૃત્વ હેઠળ કરવામાં આવેલ. સદર રમતોત્સવનો ઉદ્ઘાટન સમારોહ તા. ૦૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૦૮.૦૦ કલાકે આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષસ્થાને આણંદ કૃષિ યુનિવર્સિટીના **વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી ડૉ. ડી. એચ. પટેલ** ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પ્રસંગોચિત ઉદ્બોધનમાં વિદ્યાર્થી જીવનમાં રમતગમતના શારીરિક, માનસિક અને શિસ્તબદ્ધ વિકાસ માટેના મહત્વ અને વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે રમતગમતમાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે **બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદના આચાર્ય તથા ડીન ડૉ. એસ. આર. પટેલ** ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આધુનિક ડિજિટલ યુગમાં વધતા મોબાઇલ ઉપયોગના સંદર્ભમાં "મોબાઇલથી મેદાન તરફ" વિદ્યાર્થીઓને વાળવાની આવશ્યકતા ઉપર ભાર મૂક્યો હતો તથા રમતગમત દ્વારા આરોગ્ય, સંયમ અને ટીમભાવના વિકસે તે બાબતને ઉજાગર કરી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ યજમાન **કૃષિ પોલિટેકનિક, વસોના આચાર્ય તથા યુનિટ વડા ડૉ. બી. સી. પટેલ** દ્વારા તમામ મહાનુભાવો, આમંત્રિત અતિથિઓ, અધિકારીઓ, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓનું હાર્દિક શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે રમતોત્સવના આયોજન અંગે સંક્ષિપ્ત માહિતી આપી અને વિદ્યાર્થીઓમાં ખેલભાવના તથા શિસ્તના વિકાસ માટે આવા કાર્યક્રમોની આવશ્યકતા ઉપર પ્રકાશ પાડ્યો હતો. કાર્યક્રમના અંતે કૃષિ પોલિટેકનિક, વસોના **વિદ્યાર્થી સંઘના ચેરમેન ડૉ. પી. એસ. પંચાલ** દ્વારા આભારવિધિ કરવામાં આવી જેમાં રમતોત્સવના સફળ આયોજનમાં સહકાર આપનાર યુનિવર્સિટી ઓફિસર્સ, મહાનુભાવો, સંચાલન સમિતિ, શિક્ષકગણ, કર્મચારીઓ તથા તમામ ખેલાડીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રગીત બાદ રમતગમત સ્પર્ધાઓનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ સમગ્ર રમતોત્સવનું આયોજન કુલ **બે ચરણમાં** કરવામાં આવ્યું હતું. પ્રથમ ચરણમાં બેડમિન્ટન, ચેસ, ખો-ખો અને ક્રિકેટ જેવી રમતો **તા. ૮ અને ૯ જાન્યુઆરી, ૨૦૨૬** દરમિયાન સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, આકૃયુ, **આણંદ** ખાતે યોજાઈ હતી, જેમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની પાંચ પોલિટેકનિકના **કુલ ૧૬૯ ખેલાડીઓએ** ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. દ્વિતીય ચરણમાં **તા. ૩ ફેબ્રુઆરી, ૨૦૨૬** ના રોજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, આકૃયુ, **વસો** ખાતે વોલીબોલ તથા ટેબલ ટેનિસની સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં પાંચ પોલિટેકનિકના કુલ **૧૩૩ ખેલાડીઓએ** ભાગ લીધો હતો. સદર રમતોત્સવ દરમિયાન વિજેતા ટીમો અને ખેલાડીઓને બિરદાવવામાં આવ્યા હતા તેમજ આંતર યુનિવર્સિટી સ્તરની સ્પર્ધાઓ માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર પ્રતિભાશાળી ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી.

**આંતર પોલિટેકનીક રમત ગમત સ્પર્ધાઓ ૨૦૨૫-૨૬ના પરિણામો**

| ક્રમ | રમતનું નામ | વિજેતા | રનર્સ અપ |
|---|---|---|---|
| ૧. | બેડમિન્ટન (M) | કૃષિ પોલિટેકનીક, વસો | શેઠ ડી. એમ. બાગાયત પોલિટેકનીક, વડોદરા |
| ૨. | બેડમિન્ટન (W) | શેઠ મ. છ. કૃષિ પોલિટેકનીક, આણંદ | શેઠ ડી. એમ. બાગાયત પોલિટેકનીક, વડોદરા |
| ૩. | ચેસ (W) | કૃષિ ઈજનેરી પોલિટેકનીક, દાહોદ | કૃષિ પોલિટેકનીક, વસો |
| ૪. | ચેસ (M) | શેઠ ડી. એમ. બાગાયત પોલિટેકનીક, વડોદરા | કૃષિ પોલિટેકનીક, વસો |
| ૫. | ખોખો (M) | શેઠ મ. છ. કૃષિ પોલિટેકનીક, આણંદ | શેઠ ડી. એમ. બાગાયત પોલિટેકનીક, વડોદરા |
| ૬. | ક્રિકેટ (M) | શેઠ ડી. એમ. બાગાયત પોલિટેકનીક, વડોદરા | કૃષિ પોલિટેકનીક, વસો |
| ૭. | વોલીબોલ (M) | શેઠ મ. છ. કૃષિ પોલિટેકનીક, આણંદ | શેઠ ડી. એમ. બાગાયત પોલિટેકનીક, વડોદરા |
| ૮. | વોલીબોલ (W) | કૃષિ ઈજનેરી પોલિટેકનીક, દાહોદ | શેઠ મ. છ. કૃષિ પોલિટેકનીક, આણંદ |
| ૯. | ટેબલ ટેનીસ (M) | કૃષિ પોલિટેકનીક, વસો | શેઠ ડી. એમ. બાગાયત પોલિટેકનીક, વડોદરા |
| ૧૦. | ટેબલ ટેનીસ (W) | શેઠ મ. છ. કૃષિ પોલિટેકનીક, આણંદ | શેઠ ડી. એમ. બાગાયત પોલિટેકનીક, વડોદરા |










VASO

KTR
ARBO C22